# ફિક્સ આવક ફિક્સ જ રહે છે.
# પણ ભાવો તો વધતા જ જાય છે!

### સમય છે

## પ્રમેરિકા ડાયનેમિક
## મંથલી ઈન્કમ ફંડ માટે

### પ્રમેરિકા ડાર્ટ© શક્તિથી યુક્ત

**માસિક આવક ખાતરીદાયક નથી અને**
**વિતરણપાત્ર શેષ રકમની ઉપલબ્ધતાને આધીન હોય છે**

Pramerica
MUTUAL FUND

**એનએફઓ ખૂલે છેઃ 8 માર્ચ, 2011 • એનએફઓ બંધ થાય છેઃ 22 માર્ચ, 2011**

**યોજના ચાલુ ઓફર માટે ફરી ખૂલશેઃ 4 એપ્રિલ, 2011**

મોંઘવારી વધી રહી છે ત્યારે ખાંડ, શાકભાજીઓ, તેલ અને અન્ય જીવનજરૂરી ચીજોની કિંમતો નવી ઊંચાઈસર કરી રહી છે. આ પરિપ્રેક્ષ્યમાં શું આપણાં ચોક્કસ વળતરોનાં રોકાણો આપણને મદદરૂપ થઈ શક્યાં છે? ચોક્કસ વળતરો હવે 8–9% આસપાસ (અને જો કર કપાત કરો તો તેથી પણ ઓછાં) છે ત્યારે કિંમતો ઝડપથી વધતી જ જાય છે. આથી તમે એક વર્ષ પૂર્વે જે ₹10માં ખરીદી કરી શકતા હતા તે હવે બહુ જ ખર્ચાળ થઈ ગયું છે! ફુગાવો આપણી ખરીદ શક્તિમાં ગાબડું પાડી રહ્યો છે.

ચોક્કસ વળતરમાં રોકાણો એ રોકાણનું સુરક્ષિત સ્વરૂપ માનવામાં આવે છે. ચોક્કસ વળતરનાં રોકાણોની ઊપજ આપણાં રોકાણો પર વાજબી વળતરો આપે છે ત્યારે શું તે આપણી ખરીદ શક્તિની સુરક્ષા કરે છે? ચોક્કસ વળતરો તો નિશ્ચિત હોય છે, પણ કિંમતો સતત વધતી જાય છે અને તે પણ સતર્કતાના દરે !

**મંથલી ઈન્કમ ફંડ** યોજના મુખ્યત્વે ડેબ્ટ અને ઈક્વિટીઓના નાના હિસ્સામાં રોકાણ કરે છે, જે મોંઘવારીને ડેબ્ટની સ્થિરતા અને ઈક્વિટીની ચક્રવૃદ્ધિ શક્તિના સંમિશ્રણ દ્વારા વળતરોમાં ગાબડું પાડતાં નિવારી શકે છે.

| પરિમાણ | ચોક્કસ વળતર રોકાણો | મંથલી ઈન્કમ ફંડ (એમઆઈએફ) |
|---|---|---|
| **ખરીદ શક્તિ** | મધ્યમ | ઉચ્ચ |
| **કર સક્ષમતા** | ઓછાં | ઉચ્ચ |
| **ઈન્ડેક્સેશન લાભ** | ઉપલબ્ધ નહીં | ઉપલબ્ધ |
| **પ્રવાહિતા** | ઉપલબ્ધ પણ પીનલ વ્યાજ સાથે | ઉપલબ્ધ (એક્ઝિટ લોડને આધીન) |

## પ્રસ્તુત છે પ્રમેરિકા ડાયનેમિક મંથલી ઈન્કમ ફંડ, જે પ્રમેરિકા ડાર્ટ© ની શક્તિ થી યુક્ત છે

પ્રમેરિકા મ્યુચ્યુઅલ ફંડ પ્રસ્તુત કરે છે **"પ્રમેરિકા ડાયનેમિક મંથલી ઈન્કમ ફંડ,"** જે ઓપન એન્ડેડ ઈન્કમ સ્કીમની ચોક્કસ આવકની સિક્યુરિટીઝમાં ૭૦થી ૯૫% અને ઈક્વિટીઓમાં ૫%થી ૩૦%નો સમાવેશ ધરાવતો મજબૂત પોર્ટફોલિયો ધરાવે છે.

યોજનામાં ડેબ્ટ અને ઈક્વિટીઓ વચ્ચે અસ્કયામત સંમિશ્રણ એ બજાર પર પ્રભાવ ધરાવતાં મુખ્ય પરિબળોને ધ્યાનમાં લેતાં યોજનાની એકંદર અસ્કયામત ફાળવણીમાં ડેબ્ટ અને ઈક્વિટી વચ્ચે મહત્તમ અસ્કયામત ફાળવણી સંમિશ્રણ નક્કી કરવા માટે પ્રમેરિકા એસેટ મેનેજર્સ પ્રા. લિ. દ્વારા વિકસાવવામાં આવેલું અને વ્યવસ્થાપન કરાતું માલિકીનું સાધન **"પ્રમેરિકા ડાયનેમિક એસેટ રિબેલેન્સિંગ ટૂલ" (પ્રમેરિકા ડાર્ટ©)**ના ઉપયોગ દ્વારા પાવર્ડ છે. બજારમાં તેજી હોય ત્યારે ત્યારે પ્રમેરિકા ડાર્ટ ઈ નફો બુક કરે છે અને બજારમાં મંદી હોય ત્યારે ઈક્વિટીઓમાં રોકાણ કરે તે રીતે તેને તૈયાર કરાયું છે અને તેથી બજારની વધઘટની અસર ઓછી કરે છે.

**પ્રમેરિકા ડાયનેમિક મંથલી ઈન્કમ ફંડ** અસ્કયામત ફાળવણી અને સક્રિય ફંડ વ્યવસ્થાપનું સંમિશ્રણ છે, જે **પ્રમેરિકા ડાર્ટ©**ની મદદથી નિયમિત વળતરો ઉપજાવવાનું લક્ષ્ય રાખે છે.

## શું પ્રમેરિકા ડાર્ટ© આ હાંસલ કરી શકશે ?

અમે શેરબજાર તેજી અને મંદીનાં ચક્રોમાંથી પસાર થઈ હતી તે 1 જાન્યુઆરી, 2001થી 10 ફેબ્રુઆરી, 2011 દરમિયાન સેન્સેક્સ ડેટા પર આધારિત પ્રમેરિકા ડાર્ટ©નું બેક–ટેસ્ટિંગ કર્યું છે. આ સમયગાળામાં પરિણામો અહીં નીચે આપ્યાં છે.




■ અંતર્ગત પરિવર્તનશીલતાને આધારે પ્રમેરિકા ડાર્ટ© સાધન ગ્રાફમાં દર્શાવ્યા પ્રમાણે ઈક્વિટી રોકાણના સમાયોજનનો સંકેત આપે છે. ■ ડેટા 01/01/2001થી 10/02/2011 સુધીનો છે. ■ ઉક્ત ગ્રાફ દાખલાના હેતુથી અપાયો છે અને અસલ કામગીરી પ્રદર્શિત કરતો નથી. ગત કામગીરી એ ભાવિ વળતરોની બાંયધરી નથી.

અમે પ્રમેરિકા ડાર્ટ© અને ઈક્વિટી રોકાણોની ભિન્ન સપાટીઓ સાથે માળખાં જેવું અન્ય મંથલી ઈન્કમ ફંડ જેવા માળખાને આધારે સિમ્યુલેટેડ પોર્ટફોલિયો પણ નિર્માણ કર્યો છે અને બજારનાં જુદાં જુદાં ચક્રો દરમિયાન તેની તુલના કરી છે. પ્રમેરિકા ડાર્ટ© સિમ્યુલેટેડ પોર્ટફોલિયોનાં પરિણામો અત્યંત સારાં છે !

## પ્રમેરિકા ડાર્ટ© સિમ્યુલેટેડ પોર્ટફોલિયો વિ. અન્ય મંથલી ઈન્કમ ફંડ જેવા માળખાં

| સમયગાળો | સેન્સેક્સ | રૂઢિચુસ્ત એમઆઈએફ | આક્રમક એમઆઈએફ | ડાર્ટ© સિમ્યુલેટેડ પોર્ટફોલિયો |
|---|---|---|---|---|
| **તેજીની બજાર**<br>1 જાન્યુ. 2005થી 1 મે, 2006<br>સેન્સેક્સ: 6602થી 11852 | 79.5% | 14.8% | 21.2% | 24.5% |
| **મંદીની બજાર**<br>1 જાન્યુ. 2008થી 1 જાન્યુ. 2009<br>સેન્સેક્સ: 20300થી 9903 | −51.2% | −2.3% | −9.3% | 0.2% |
| **તેજીની બજાર**<br>1 જાન્યુ. 2009થી 1 દિસ. 2010<br>સેન્સેક્સ: 9903થી 19850 | 100.4% | 19.7% | 27.9% | 30.7% |
| **અસ્થિર બજાર**<br>1 જાન્યુ. 2008થી 1 નવે. 2010<br>સેન્સેક્સ: 20300થી 20355 | 0.3% | 17.0% | 16.4% | 31.1% |

**સોત:** બ્લૂમબર્ગ, એએમએફઆઈ વેબસાઈટ: એસએમએફ

**અનુમાનો:** ▪ પોર્ટફોલિયોના ઈક્વિટી હિસ્સાએ સેન્સેક્સ વળતરોને અનુસર્યાં છે, જ્યારે ડેબ્ટ હિસ્સો ક્રિસિલ કમ્પોઝિટ બોન્ડ ઈન્ડેક્સને અનુસરે છે. ▪ ઉક્ત દાખલા માટે ''રૂઢિચુસ્ત એમઆઈએફ''નો અર્થ ઈક્વિટીમાં 15% રોકાણ અને ડેબ્ટ સાધનોમાં બાકીનું રોકાણ એવો પોર્ટફોલિયો થાય છે. કામગીરી 15%* સેન્સેક્સ વળતરો + 85%* ક્રિસિલ કમ્પોઝિટ બોન્ડ વળતરો તરીકે ગણતરી કરાય છે. ▪ ઉક્ત દાખલા માટે ''આક્રમક એમઆઈએફ''નો અર્થ ઈક્વિટીમાં 25% રોકાણ અને ડેબ્ટ સાધનોમાં બાકીનું રોકાણ એવો પોર્ટફોલિયો થાય છે. કામગીરી 25%* સેન્સેક્સ વળતરો + 75%* ક્રિસિલ કમ્પોઝિટ બોન્ડ વળતરો તરીકે ગણતરી કરાય છે. ▪ પ્રમેરિકા ડાર્ટ સિમ્યુલેટેડ પોર્ટફોલિયોના ઈક્વિટી હિસ્સાએ સેન્સેક્સનાં વળતરો અનુસર્યાં છે, જ્યારે ડેબ્ટ હિસ્સામાં ક્રિસિલ કમ્પોઝિટ બોન્ડ ઈન્ડેક્સ અનુસર્યો છે.

## પ્રમેરિકા ડાર્ટ સિમ્યુલેટેડ પોર્ટફોલિયોનું બેક- ટેસ્ટિંગ

| | 1 વર્ષ | | 2 વર્ષ | | 3 વર્ષ | |
|---|---|---|---|---|---|---|
| | ક્રિસિલ એમઆઈપી ઈન્ડેક્સ | ડાર્ટ© સિમ્યુલેટેડ પોર્ટફોલિયો | ક્રિસિલ એમઆઈપી ઈન્ડેક્સ | ડાર્ટ© સિમ્યુલેટેડ પોર્ટફોલિયો | ક્રિસિલ એમઆઈપી ઈન્ડેક્સ | ડાર્ટ© સિમ્યુલેટેડ પોર્ટફોલિયો |
| લઘુતમ | −8.9% | −7.4% | 1.4% | 2.6% | 4.4% | 6.4% |
| મહત્તમ | 23.2% | 32.6% | 14.3% | 19.7% | 11.3% | 19.1% |
| સરેરાશ | 8.8% | 13.6% | 8.3% | 13.0% | 8.2% | 12.9% |
| શાર્પ રેશિયો | 0.52 | 0.96 | 1.02 | 2.27 | 1.45 | 2.96 |
| ક્રિસિલ એમઆઈપી ઈન્ડેક્સને મારક ડાર્ટ સિમ્યુલેટેડ પોર્ટફોલિયોની શક્યતા | 95.2% | | 100% | | 100% | |

**સોત:** એએમએફઆઈ વેબસાઈટ

**અનુમાનો:** ▪ પોર્ટફોલિયોના ઈક્વિટી હિસ્સાએ સેન્સેક્સ વળતરોને અનુસર્યાં છે, જ્યારે ડેબ્ટ હિસ્સો ક્રિસિલ કમ્પોઝિટ બોન્ડ ઈન્ડેક્સને અનુસરે છે. ▪ સિમ્યુલેશનમાં ફંડોના અંદરના પ્રવાહ અને બહારી પ્રવાહોને વિચારણામાં લેવાયા નથી. ▪ પોર્ટફોલિયોનાં રોજિંદાં વળતર = ઈક્વિટી રોકાણ*સેન્સેક્સ વળતરો + ડેબ્ટ રોકાણ *કમ્પોઝિટ બોન્ડ વળતરો. ▪ બેક- ટેસ્ટેડ રોલિંગ વળતરોનો ડેટા 30/3/2002થી 10/2/2011.

**ડિસ્કલેમર:** ઉક્ત પોર્ટફોલિયોનાં પરિણામો ફક્ત દાખલાના હેતુથી બતાવવામાં આવ્યાં છે અને તે અસલ કામગીરીનો સંકેત નથી કે બાંયધરી નથી. ગત કામગીરી ભાવિ વળતરોની બાંયધરી નથી.

## પ્રમેરિકા ડાયનેમિક મંથલી ઈન્કમ ફંડમાં રોકાણ શા માટે ?

પ્રમેરિકા ડાયનેમિક મંથલી ફંડ **ત્રણ અજોડ ફાયદાઓનો** લાભ લઈ શકે તે તકના સમયે રજૂ કરવામાં આવી રહ્યું છે.

### 1) ચોક્કસ આવક બજારોની સ્થિતિ સારી છે

- આરબીઆઈ દ્વારા વર્તમાન દર વધારાને કારણે વ્યાજદરો સંભવિત ઊંચાઈએ છે. (અસલ ઊંચાઈ અન્ય 25–50 બીપીએસ દૂર કુદાવી શકે છે).
- ચોક્કસ આવક સિક્યુરિટીઝ ઉચ્ચ કુપન દરોમાં ઉપલબ્ધ છે, જેમાં ડિપોઝિટ્સના બેન્ક સર્ટિફિકેટ માટે વર્તમાન એક વર્ષની ઊપજ આશરે 10%થી વધુ છે.

### 2) ઈક્વિટી બજારનું મૂલ્ય સારું છે

- કરેકશન પછી ઈક્વિટી બજાર આકર્ષક મૂલ્યાંકને કામકાજ કરી રહી છે.
- સેન્સેક્સે 18,000 અંકની સપાટી કુદાવી છે ત્યારે એક વર્ષ આગળની આવકોનો અંદાજ શેર દીઠ (માર્ચ 2012) ₹1200 છે. બજાર 15ના ફોર્વર્ડ પી/ઈ સાથે કામકાજ કરે છે, જે આશરે 18 પી/ઈની લાંબા ગાળાની સરેરાશથી પૂરતું નીચે છે.
- જો કોઈ પણ કારણસર બજાર 1500 અંક નીચે આવે તો પણ પી/ઈ 13 આસપાસ આકર્ષક જ રહેશે. આ સ્થિતિ જોતાં વધુ સારાં વળતરો મળવાની તકો ઉચ્ચ છે.

### 3) પ્રમેરિકા ડાર્ટ©ની શક્તિ

ઉપરાંત પ્રમેરિકા ડાયનેમિક મંથલી ઈન્કમ ફંડ પ્રમેરિકા ડાર્ટ© ની શક્તિ થી યુક્ત છે, જે મહત્તમ ડેબ્ટ/ઈકિવટી ફાળવણી રેશિયોએ ફંડની સ્થિતિની અસ્કયામત ફાળવણીનો સંકેત છે, જે રોકાણકારોને બંનેનું શ્રેષ્ઠતમ આપે છે.

## પ્રમેરિકા ડાયનેમિક મંથલી ઈન્કમ ફંડમાં રોકાણ કરવાના ફાયદા

હાલમાં ડિપોઝિટ્સનાં બેન્ક સર્ટિફિકેટો 10%થી વધુ આકર્ષક ઊપજે ઉપલબ્ધ છે. વર્તમાન આર્થિક પરિપ્રેક્ષ્ય જોતાં વ્યાજદરો માર્ચ 2011 આસપાસ ટોચે રહેવાની અપેક્ષા છે. જો તમે માર્ચ 2011માં ડિપોઝિટના એક વર્ષના સર્ટિફિકેટમાં રોકાણ કરો તો તે 2012માં પાકશે. વ્યાજદરો 2012માં નીચે આવવાની અપેક્ષા છે, જેનો અર્થ એ થાય છે કે તમારે અન્ય આકર્ષક રોકાણ વિકલ્પ શોધવો પડશે. ઉપરાંત ડિપોઝિટનું સર્ટિફિકેટ પાકે એટલે મૂડી લાભો ધરાવવાનો સમયગાળો નવેસરથી શરૂ થાય છે, જે તેને કર અસક્ષમ સાધન બનાવે છે.

પ્રમેરિકા ડાયનેમિક મંથલી ઈન્કમ ફંડના કિસ્સામાં પોર્ટફોલિયો માર્ચ 2011માં બનવાનો હોઈ તે સમયે વ્યાજદરો આકર્ષક સ્તરે રહેવાની અપેક્ષા છે. જો વ્યાજદરો 2012માં નીચે જાય અથવા સ્થિર રહેશે તો પણ તે મૂડીવૃદ્ધિ ઊપજાવશે. વ્યાજદરો 2012માં નીચી બાજુએ રહેવાની અપેક્ષા સાથે ફુગાવાનું દ્દષ્ટિબિંદુ પણ સારું જણાશે અને જીડીપી વૃદ્ધિની ચાલ મજબૂત રહેશે. આનો અર્થ એ છે કે ઈક્વિટી બજાર સારી કામગીરી કરશે, ઈક્વિટી હિસ્સા પર સારાં વળતરો ઊપજાવાની અપેક્ષા છે ! ઉપરાંત લાંબા સમયગાળા સુધી રોકાણ જાળવી રાખવાથી તમે ઈન્ડેક્સેશનનો લાભ લેવા સાથે તમારું કર ઉત્તરદાયિત્વ પણ ઘટાડી શકો છો.

જો બીજી બાજુ વ્યાજદરો ઉપર જાય તો પ્રમેરિકા ડાયનેમિક મંથલી ઈન્કમ ફંડ આસાનીથી ફરી રોકાણ કરશે અને પોતાને ફરીથી મૂલ્યાંકિત કરશે અને ઉચ્ચ વળતરો રળવાનું શરૂ કરશે, જે તમે ડિપોઝિટના સર્ટિફિકેટ અથવા અન્ય ચોક્કસ વળતર સાધનોમાં રોકાણ કર્યું હશે તો જ શક્ય બનશે.

**યોજનાનું નામ:** પ્રમેરિકા ડાયનેમિક મંથલી ઈન્કમ ફંડ. **યોજનાનું વર્ગીકરણ:** ઓપન એન્ડેડ ઈન્કમ સ્કીમ. **રોકાણ હેતુ:** યોજનાનો હેતુ ડેબ્ટ અને નાણાં બજાર સાધનોમાં રોકાણ થકી નિયમિત વળતરો ઊપજાવવાનો છે અને ઈક્વિટી તથા ઈક્વિટી સંબંધી સાધનોમાં રોકાણો દ્વારા મૂડી વૃદ્ધિ ઊપજાવવાનો છે. માસિક આવક ખાતરીદાયક નથી અને વિતરણપાત્ર સરપ્લસની ઉપલબ્ધતાને આધીન રહેશે. જોકે યોજનાનો રોકાણ હેતુ હાંસલ થશે કે નહીં તેની બાંયધરી નથી ને યોજના કોઈ પણ વળતરોની ખાતરી કે બાંયધરી આપતી નથી. **અસ્કયામત ફાળવણી:** ચોક્કસ આવક સિક્યુરિટીઝ – 70થી 95%, ઈક્વિટી અને ઈક્વિટી સંબંધી સાધનો – 5થી 30%. **ઈશ્યુની મુદત અને યુનિટ્સનું વેચાણ તથા રિડેમ્પશન:** નવી ફંડ ઓફર દરમિયાન રોકડમાં યુનિટ દીઠ ₹10/– અને ત્યાર બાદ એનએવી આધારિત કિંમતે. યોજના વર્તમાન ઓફર દરમિયાન તમામ કામકાજના દિવસોમાં વેચાણ અને રિડેમ્પશનની સુવિધા પ્રદાન કરે છે. યોજનાની એનએવી રોજ કામકાજના દિવસા અંતે ગણતરી અને જાહેર કરાશે. **લોડ માળખું:** એન્ટ્રી લોડ: લાગુ નહીં. એક્ઝિટ લોડ: જો યુનિટ્સ ફાળવણી સુધી અને તેના 365 દિવસ સહિત રિડીમ/ સ્વિચ– આઉટ કરાય તો @1%, જો યુનિટ્સ ફાળવણીના 365 દવસ પછી રિડીમ/સ્વિચ– આઉટ કરાય તો શૂન્ય. **રિકરિંગ ખર્ચ:** રિકરિંગ ખર્ચ, રોકાણ વ્યવસ્થાપન અને સલાહસેવા શુલ્ક સહિત યોજનાને લાગુ કરી શકાય છે, જે પ્રથમ ₹100 કરોડ માટે @ 2.25%ના દરે સરેરાશ સાપ્તાહિક નેટ એસેટ્સની ટકાવારી મર્યાદાને આધીન છે અને આગામી ₹300 કરોડને @ 2.00%ના દરે તથા આગામી ₹300 કરોડ પર @ 1.75%ના દરે બાકીના પર @ 1.50%ના દરે. **એનએફઓ ખર્ચ:** એએમસી/પ્રાયોજક સંપૂર્ણ ભોગવશે. એસઆઈડી/એસએઆઈ અને કી ઈન્ફોર્મેશન મેમોરેન્ડમ (કેઆઈએમ)ની નકલ કોઈ પણ રોકાણકાર સેવા કેન્દ્રો પાસેથી ઉપલબ્ધ કરી શકાશે અથવા અમારી વેબસાઈટ પર પણ મળશે: www.pramericamf.com

**જોખમનાં પરિબળો: તમામ મ્યુચ્યુઅલ ફંડો અને સિક્યુરિટીઝમાં રોકાણો બજારનાં જોખમોને આધીન હોય છે અને યોજનાઓને હેતુ હાંસલ થશે એવી બાંયધરી અપાતી નથી અને ફંડોની એનએવી સિક્યુરિટીઝ બજારોને અસર કરતાં પરિબળો અને બળોને આધારે વધઘટ થઈ શકે છે. પ્રમેરિકા ડાયનેમિક મંથલી ઈન્કમ ફંડ એ યોજનાનાં ફક્ત નામ છે અને કોઈ રીતે યોજનાઓની ગુણવત્તા કે તેની ભાવિ તકો કે વળતરોનો સંકેત નથી.** આ દસ્તાવેજ જાહેર ઉપલબ્ધ માહિતી, આંતરિક વિકસિત કરાયેલો ડેટા અને ભરોસાપાત્ર માનવામાં આવતાં અન્ય ત્રીજા પક્ષનાં સાધનો પાસેથી મેળવીને તૈયાર કરાયો છે. જોકે આવી માહિતીની વિશ્વાસપાત્રતા વિશે કોઈ બાંયધરી આપી શકાય નહીં. અહીં કોઈ પણ વરતારો હકીકતમાં સાચા પડશે જ એવી કોઈ બાંયધરી આપી શકાય નહીં. પ્રાયોજકની કામગીરીને તેની કોઈ યોજનાઓ કે મ્યુચ્યુઅલ ફંડની અપેક્ષિત કામગીરી સાથે લેવાદેવા નથી. પ્રાયોજક અને તેની સંલગ્નિતો/એએમસી/મ્યુચ્યુઅલ ફંડ અને તેની યોજના(ઓ)ની ગત કામગીરી યોજના(ઓ)ની ગત કામગીરીનો સંકેત નથી અને અન્ય રોકાણો સાથે તુલનાનો આધાર પૂરો પાડે એવું જરૂરી નથી. મ્યુચ્યુઅલ ફંડ યુનિટોમાં રોકાણ સાથે મૂળ રકમને શક્ય નુકસાન સહિત ટ્રેડિંગ વોલ્યુમો, પતાવટ જોખમ, પ્રવાહિતા જોખમ, ડિફોલ્ટ જોખમ જેવાં રોકાણનાં જોખમો સંકળાયેલાં છે. યોજના રોકાણ કરે તે સિક્યુરિટીઝની કિંમત/મૂલ્ય/વ્યાજદરોમાં વધઘટ થતી હોવાથી યોજનામાં તમારાં રોકાણનું મૂલ્ય વધઘટ થઈ શકે છે. રોકાણકારોને પ્રમેરિકા મ્યુચ્યુઅલ ફંડની કોઈ પણ યોજના હેઠળ વળતરો કોઈ પણ બાંયધરી/ખાતરી ઓફર કરાતી નથી. **યોજના- વિશિષ્ટ જોખમી પરિબળો અને કર જવાબદારીઓ માટે કૃપા કરીને સ્કીમ ઈન્ફોર્મેશન ડોક્યુમેન્ટ્સ જુઓ.**

**કાનૂની વિગતો:** પ્રમેરિકા મ્યુચ્યુઅલ ફંડ એ ભારતીય ટ્રસ્ટ ધારા 1882 હેઠળ ટ્રસ્ટ તરીકે સ્થપાયું છે અને સેબી પાસે નોંધણી કરાઈ છે. **પ્રાયોજક:** પ્રુડેન્શિયલ ફાઈનાન્શિયલ ઈન્ક. ઓફ ધ યુનાઈટેડ સ્ટેટ ઓફ અમેરિકા (ઉત્તરદાયિત્વ મ્યુચ્યુઅલ ફંડના કોર્પસ સામે ₹1 લાખના આરંભિક યોગદાનને નિયંત્રિત). (પ્રમેરિકા એ પ્રુડેન્શિયલ ફાઈનાન્શિયલ ઈન્ક અને યુનાઈટેડ સ્ટેટ્સની બહાર ચુનંદા દેશોમાં તેની સંલગ્નિતો દ્વારા ઉપયોગમાં લેવાતું બ્રાન્ડ નામ છે. પ્રુડેન્શિયલ ફાઈનાન્શિયલ ઈન્ક. ઓફ ધ યુનાઈટેડ સ્ટેટ્સ એ યુનાઈટેડ કિંગડમમાં ઈનકોર્પોરેટ થયેલી કંપની પ્રુડેન્શિયલ પીએલસી સાથે કોઈ રીતે સંલગ્નિત નથી). **ટ્રસ્ટી:** પ્રમેરિકા ટ્રસ્ટીઝ પ્રાઈવેટ લિમિટેડ. **રોકાણ વ્યવસ્થાપક:** પ્રમેરિકા એસેટ મેનેજર્સ પ્રાઈવેટ લિમિટેડ.

**મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને આધીન હોય છે. કૃપા કરીને બધી યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.**

ટોલ ફ્રી: 18002662667 | customercare@pramericamf.com | www.pramericamf.com